# દુબઈની દશા બેઠી?

**દુબઈની 90% વસ્તી બહારની છે, એ જતી રહે તો અર્થતંત્ર તૂટી જાય**




■ દુબઈમાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષ દરમિયાન, દુબઈ ક્રીક હાર્બર વિસ્તારમાં એક ડ્રોન ત્રાટક્યા બાદ ક્ષતિગ્રસ્ત થયેલી ઈમારત.

દુબઈ, જે અત્યાર સુધી ટેક્સ-ફ્રી હેવન અને સુરક્ષિત શહેર તરીકે દુનિયાભરમાં જાણીતું હતું, તેની પ્રતિષ્ઠા હવે જોખમમાં મુકાઈ છે. ઈરાન દ્વારા કરવામાં આવી રહેલા સતત મિસાઈલ અને ડ્રોન હુમલાઓએ આ શહેરની શાંતિ છીનવી લીધી છે. દુબઈમાં વસતા હજારો બ્રિટિશ રહીશો અને અન્ય વિદેશી રોકાણકારો હવે પોતાનો જીવ બચાવવા માટે શહેર છોડી રહ્યા છે અને ક્યારેય પાછા ન આવવાની શપથ લઈ રહ્યા છે.

બુધવારે સવારે દુબઈમાં ત્રણ મોટા વિસ્ફોટો થયા હતા, જેમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટને પણ નુકસાન પહોંચ્યું છે. બે ડ્રોન ટર્મિનલ સાથે અથડાતા ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેના કારણે ઘણી મોટી એરલાઈન્સે પોતાની ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. એટલું જ નહીં, વિશ્વવિખ્યાત 'પામ જુમેરાહ' પર આવેલી ફેયરમોન્ટ હોટલ પણ ઈરાનના નિશાના પર આવી છે. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ અને સિટી બેંક જેવી પશ્ચિમી બેંકોએ તેમના કર્મચારીઓને ઓફિસ ખાલી કરવા આદેશ આપ્યો છે, કારણ કે ઈરાને હવે આ બેંકોને નિશાન બનાવવાની ધમકી આપી છે.

દુબઈમાં સ્થિતિ એટલી ગંભીર છે કે રહેવાસીઓના ફોન પર સતત એલર્ટ આવી રહ્યા છે, જેમાં તેમને બારીઓથી દૂર રહેવા અને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં જવા સૂચના અપાઈ રહી છે. આશ્ચર્યની વાત એ છે કે, જો કોઈ રહેવાસી મિસાઈલ હુમલાનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરે છે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

અબુ ધાબી પાસે તેલનો મોટો ભંડાર છે, પરંતુ દુબઈ પાસે તે નથી. દુબઈની અર્થવ્યવસ્થા મુખ્યત્વે પર્યટન, રિયલ એસ્ટેટ અને આંતરરાષ્ટ્રીય વેપાર પર ટકેલી છે.

દુબઈની ૯૦% વસ્તી એક્સપેટ્સ છે. જો આ લોકો અસુરક્ષિત અનુભવે અને દેશ છોડી દે, તો શહેરનું અર્થતંત્ર પત્તાના મહેલની જેમ તૂટી શકે છે.



# સહરાનું રણ સફેદ થઈ ગયું!

**રેતીના ઢુવાઓ પર બરફની ચાદર! ૪૦ વર્ષમાં ૭મી વાર કુદરતનો અનોખો નજારો**

અલ્જેરિયાના ઐન સેફ્રા શહેરમાં તાપમાન શૂન્ય ડિગ્રીથી નીચે જતાં હિમવર્ષા માટે સાનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ હતી. એવું માનવામાં આવે છે કે છેલ્લા 40 વર્ષમાં આ વિસ્તારમાં આ સાતમી વખત હિમવર્ષા થઈ છે.

2016 પહેલાં, ઐન સેફ્રામાં છેલ્લી વખત 1979માં બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું, પરંતુ છેલ્લા દાયકામાં આ ઘટના વધુ વારંવાર બનવા લાગી છે. 'રણના પ્રવેશદ્વાર' તરીકે જાણીતું આ શહેર એટલાસ પર્વતમાળાની નજીક સહારાની ઉત્તરી ધાર પર આવેલું છે, જે આ અદભૂત કુદરતી ઘટના માટે યોગ્ય સંજોગો પૂરા પાડે છે. જો કે, સ્થાનિક રહેવાસીઓ માટે આ હવામાન આનંદ દાયક છે, અલબત્ત, તે હવામાન ટૂંકજીવી રહે છે, કારણ કે બરફ માત્ર હળવો જ પડે છે. જે પડતાની સાથે જ ઓગળી જવાની ધારણા રહે છે. આમ, તો રણપ્રદેશમાં શિયાળામાં બરફ પડવો તે એકદમ આશ્ચર્યજનક બાબત તો નથી, પરંતુ આવી બરફવર્ષા ક્યારેક જ થાય છે પરંતુ હાલમાં કદાચ વૈશ્વિક હવામાન પરિવર્તનની અસરને કારણે જ આવી બરફવર્ષા થવાની ઘટનાઓ થોડી વધી છે.

## પેજ 3

### 'મારાં લગ્ન લવ-જેહાદ નથી, અમે ધર્મ પરિવર્તન કર્યું નથી' : વાયરલ ગર્લ મોનાલિસા



તિરુવનંતપુરમ, તા. 12 (PTI): ગયા વર્ષે પ્રયાગરાજ કુંભ મેળા દરમિયાન પ્રખ્યાત થયેલી યુવતી મોનાલીસા ભોંસલેએ ગુરુવારે જણાવ્યું હતું કે, અહીં એક મુસ્લિમ વ્યક્તિ સાથે તેનાં લગ્ન તેની પોતાની પસંદગીથી અને હિન્દુ રીત-રિવાજો મુજબ થયાં હતાં. તેણે આ લગ્ન 'લવ-જેહાદ'નો કિસ્સો હોવાના આરોપોને ફગાવી દીધા હતા. મધ્ય પ્રદેશની રહેવાસી ભોંસલેએ જણાવ્યું હતું કે, ન તો તેણે કે ન તો તેના પતિએ પોતાનો ધર્મ બદલ્યો છે અને તેણે જ તેને લગ્ન કરવા માટે મજબૂર કર્યો હતો. અહીં એક પત્રકાર પરિષદમાં તેણે પત્રકારોને જણાવ્યું હતું કે, ''તે મારી સાથે લગ્ન કરવા માંગતો ન હતો, પરંતુ મેં તેને તેમ કરવા માટે દબાણ કર્યું હતું. અમે હિન્દુ રીત-રિવાજો મુજબ લગ્ન કર્યાં છે.''યુગલે એમ પણ કહ્યું હતું કે, ' 'આ લવ-જેહાદનો કિસ્સો નથી'' જેવું મીડિયાના એક વર્ગ દ્વારા કથિત રીતે અહેવાલ આપવામાં આવ્યો હતો. કારણ કે કલાકાર હોવાને નાતે તેમના માટે તમામ ધર્મો સમાન છે. યુગલે જણાવ્યું હતું કે, ''અમે તમામ ધર્મોનું સન્માન કરીએ છીએ અને અમે ધર્મ પરિવર્તન કર્યું નથી.''

### ખાનગી ઓડિયો લીક થયા બાદ રશ્મિકા મંદાનાની કાયદેસર કાર્યવાહીની ચેતવણી



નવી દિલ્હી, તા. ૧૨ (PTI): અભિનેત્રી રશ્મિકા મંદાનાએ ગુરુવારે જણાવ્યું હતું કે, તેના લગ્ન પછી વિવાદ ઊભો કરવા માટે હાલમાં જે 'જૂની ખાનગી વાતચીત' વાયરલ કરવામાં આવી રહી છે, તેને પ્રસિદ્ધ કરનારાઓ સામે તે કાયદેસરની કાર્યવાહી કરશે. મંદાના અગાઉ કન્નડ અભિનેતા રક્ષિત શેટ્ટી સાથે સગાઈ કરી હતી, પરંતુ ૨૦૧૮માં, માત્ર એક વર્ષ પછી તેણે સગાઈ તોડી નાખી હતી. તેણે તાજેતરમાં અભિનેતા વિજય દેવરકોંડા સાથે લગ્ન કર્યાં છે.

મંદાનાએ એક્સ પર લખ્યું, છેલ્લાં ૮ વર્ષથી મીડિયાના એક વર્ગ અને ઓનલાઇન વ્યક્તિઓ દ્વારા મારી વિરુદ્ધ ખોટી માહિતી, સતામણી અને લક્ષિત હુમલાઓનું સતત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. અયોગ્ય ટીકા'નો ભોગ બનવા છતાં તેણે મૌન પસંદ કર્યું હતું, પરંતુ હવે નહીં. આ નિવેદન આપ્યાના ૨૪ કલાકમાં આ સામગ્રી હટાવવાનો તમારી પાસે સમય છે. જો તેમાં નિષ્ફળ જશો કાયદેસરની કાર્યવાહી શરૂ કરાશે.

# ટ્રમ્પનો અનોખો શોખ: સ્ટાફને ગિફ્ટમાં આપે છે 13,000ના શૂઝ

**અંદાજે માપ લઈને મંગાવે છે શૂઝ; ટ્રમ્પના શૂઝ પહેરવા સ્ટાફ થયો મજબૂર, માર્કો રુબિયો મોટા શૂઝમાં દેખાયા**



વોશિંગ્ટનઃ તા. 12ઃ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે વ્હાઈટ હાઉસમાં એક નવી જ પરંપરાને કારણે ચર્ચામાં છે. અહેવાલો મુજબ, ટ્રમ્પ તેમના નજીકના અધિકારીઓ, મંત્રીઓ અને સહયોગીઓને અંદાજે 13,000 ($145) ની કિંમતના 'ફ્લોરશાઈમ' બ્રાન્ડના લેધર શૂઝ ગિફ્ટ કરી રહ્યા છે. સ્થિતિ એવી છે કે વ્હાઈટ હાઉસના સ્ટાફમાં આ શૂઝ એક 'સ્ટેટસ સિમ્બોલ' બની ગયા છે અને અધિકારીઓ ટ્રમ્પની સામે આ શૂઝ ન પહેરતા ડરે છે.

એક અહેવાલ મુજબ, ઓવલ ઓફિસમાં એક મીટિંગ દરમિયાન ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયોને ટોકતા કહ્યું હતું કે, "તમારા શૂઝ ખરાબ છે." ત્યારબાદ તેમણે તરત જ કેટલોગ મંગાવીને તેમના માટે નવા શૂઝ ઓર્ડર કર્યા હતા. થોડા દિવસો બાદ બ્રાઉન કલરના બોક્સમાં ટ્રમ્પની સહી કરેલી નોટ સાથે આ શૂઝ અધિકારીઓને મળે છે.

સોશિયલ મીડિયા પર યુઝર્સે નોંધ્યું હતું કે વિદેશ મંત્રી માર્કો રુબિયો એક ફોટામાં ટ્રમ્પે ગિફ્ટ આપેલા શૂઝ પહેરેલા દેખાય છે, પરંતુ તે તેમના માપ કરતા ઘણા મોટા લાગતા હતા. વ્હાઈટ હાઉસના એક મહિલા અધિકારીએ રમુજમાં જણાવ્યું કે, "બધા છોકરાઓ પાસે આ શૂઝ છે અને કોઈ તે પહેર્યા વગર ટ્રમ્પની સામે જતા ડરે છે."

કેટલાક અધિકારીઓએ ખાનગીમાં ફરિયાદ કરી છે કે તેમને લુઈ વિટન જેવી મોંઘી અને આરામદાયક બ્રાન્ડ્સ છોડીને ટ્રમ્પની ગિફ્ટ સાચવવા માટે આ બજેટ શૂઝ પહેરવા પડે છે. મજાની વાત એ છે કે, ટ્રમ્પ ઘણીવાર સામી વ્યક્તિની પરવાનગી વગર જ તેમના શૂઝની સાઈઝનો અંદાજ લગાવી લે છે.



# અમારી પાસે અંતહીન ડ્રોન અને મિસાઈલો છે: ઈરાન

તેહરાનઃ પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ઈરાને તેના ઘાતક 'નેવલ સ્યુસાઈડ ડ્રોન્સ' (આત્મઘાતી નૌકા ડ્રોન) નો વિશાળ કાફલો પ્રદર્શિત કર્યો છે.

ઈરાને વિશ્વના ૨૦% તેલ પુરવઠા માટે અત્યંત મહત્વના એવા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (હોર્મુઝની સામુદ્રધુની) ને બળજબરીપૂર્વક બંધ કરી દીધી છે. ઈરાની શાસને સમુદ્રી માર્ગો પર હુમલા તેજ કર્યા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના પુરવઠામાં મોટો વિક્ષેપ ઊભો થયો છે. આ સાંકડા દરિયાઈ માર્ગ પર કબજો જમાવીને ઈરાને તેલના ભાવને પ્રતિ બેરલ $૨૦૦ સુધી પહોંચાડી દેવાની યોજના બનાવી છે.

ઈરાને તેની અન્ડરગ્રાઉન્ડ ટનલોમાં સંગ્રહિત હજારો આત્મઘાતી ડ્રોન્સ બતાવ્યા છે, જે દુશ્મન જહાજો સાથે અથડાઈને તેને પળવારમાં ડૂબાડી શકે છે.

ઈરાન દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રોપેગેન્ડા ફૂટેજમાં તેની ગુપ્ત અન્ડરગ્રાઉન્ડ ટનલો બતાવવામાં આવી છે, જે આધુનિક નેવલ ડ્રોન્સ, એન્ટિ-શિપ મિસાઈલ્સ અને દરિયાઈ સુરંગોથી સજ્જ છે. ઈરાન પાસે એવા અસંખ્ય એટેક બોટ્સ છે જે સમુદ્રમાં પસાર થતા જહાજો પર ડ્રોન હુમલા કરી શકે છે.

**પાણીની અંદર '૧૦૦ મીટર પ્રતિ સેકન્ડ'ની ઝડપ ધરાવતી મિસાઈલ**

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના જનરલ ફદાવીએ ગંભીર ચેતવણી આપતા જણાવ્યું છે કે, ઈરાન પાસે એવી અન્ડરવોટર મિસાઈલ્સ છે જેની ઝડપ પ્રતિ સેકન્ડ ૧૦૦ મીટર છે. ઈરાને દાવો કર્યો છે કે આવી ટેકનોલોજી માત્ર તેમની અને રશિયા પાસે જ છે.

ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બઘેર ગાલિબાફે કડક શબ્દોમાં કહ્યું છે કે, જો અમેરિકા અને ઈઝરાયેલ ઈરાની ધરતી કે ટાપુઓ પર હુમલો કરવાનું ચાલુ રાખશે, તો ઈરાન તમામ સંયમ છોડી દેશે. તેમણે ચેતવણી આપી છે કે તેઓ પર્શિયન ગલ્ફને આક્રમણખોરોના લોહીથી લાલ કરી દેશે.

# ઈથોપિયામાં ભૂસ્ખલન થતાં ઓછામાં ઓછા 50 લોકોનાં મોત

**ભારે વરસાદને પગલે ત્રણ જિલ્લામાં થયેલા ભૂસ્ખલનને કારણે 125થી વધુ લોકો ગુમ, એકને જીવતો બહાર કઢાયો**



અદિસ અબાબા (ઈથોપિયા), તા. 12 (AP): દક્ષિણ ઈથોપિયામાં એક અઠવાડિયાના ભારે વરસાદ બાદ ત્રણ જિલ્લાઓમાં થયેલા ભૂસ્ખલનને કારણે ઓછામાં ઓછા 50 લોકોનાં મોત થયાં છે અને અન્ય 125 લોકો ગુમ હોવાનું જાણવા મળ્યું છે. એમ એક સ્થાનિક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું.

ગામો ઝોનના ડિઝાસ્ટર રિસ્પોન્સ ડિરેક્ટર મેસ્ફિન માનુકાના જણાવ્યા અનુસાર, આ ભૂસ્ખલન ગામો ઝોનમાં થયું હતું અને તેની અસર ગાચો બાબા જિલ્લો, કાંબા જિલ્લો અને બોન્કે જિલ્લામાં જોવા મળી છે.

માનુકાએ જણાવ્યું હતું કે, બચાવ કામગીરી દરમિયાન એક વ્યક્તિને માટીમાંથી જીવતી બહાર કાઢવામાં આવી હતી.

ગાચો બાબા જિલ્લાના કોમ્યુનિકેશન ચીફ અબેબે અગેનાએ જણાવ્યું હતું કે, મૃત્યુ પામેલા મોટા ભાગના લોકો માટીમાં દટાયેલા હાલતમાં મળી આવ્યા હતા. આ હોનારતમાં કેટલા પરિવારો પ્રભાવિત થયા છે તે હજી સ્પષ્ટ થયું નથી.



# USS જેરાલ્ડ ફોર્ડ પર આગ: બે અમેરિકી સૈનિકો ઇજાગ્રસ્ત

લાલ સમુદ્રમાં તૈનાત અને ઈરાન વિરુદ્ધના સૈન્ય ઓપરેશનમાં મહત્વની ભૂમિકા ભજવી રહેલા અમેરિકી યુદ્ધ જહાજ પર ગુરુવારે આગ લાગી હતી. આ અકસ્માતમાં બે નાવિકો ઈજાગ્રસ્ત થયા છે, જોકે રાહતની વાત એ છે કે તેમની હાલત સ્થિર છે અને ઈજાઓ જીવલેણ નથી.

અમેરિકી નૌકાદળના સત્તાવાર નિવેદન અનુસાર આને યુદ્ધ સાથે સંબંધ નથી. આ આગ ઈરાનના કોઈ હુમલા કે મિસાઈલને કારણે નથી લાગી.

પ્રારંભિક તપાસ મુજબ, આગ જહાજના મુખ્ય 'લૌન્ડ્રી સેક્શન'માં લાગી હતી. આગને કારણે જહાજના એન્જિન કે ઓપરેશનલ સિસ્ટમને કોઈ નુકસાન થયું નથી. દુનિયાનું આ સૌથી મોટું યુદ્ધ જહાજ હજુ પણ સંપૂર્ણ રીતે કાર્યરત છે.

# જમ્મુમાં પાકિસ્તાની ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલું રૂ.12 કરોડનું હેરોઈન જપ્ત

**પોલીસે આ રિકવરીને ડ્રગ સ્મગલિંગ વિરોધી મોરચે એક મોટી સિદ્ધિ ગણાવી**

જમ્મુ, તા. 12 (PTI): જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાની ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલું આશરે 2 કિલો હેરોઈન મળી આવ્યું છે, જેની કિંમત 12 કરોડ રૂપિયા હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે મોડી રાત્રે બિશનાહ વિસ્તારના બહાદુરપુરા ગામમાં ખેતીની જમીનમાંથી જમ્મુ પોલીસ અને બીએસએફની 101 બટાલિયન દ્વારા આ જપ્ત કરવામાં આવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, શંકાસ્પદ ડ્રોન ડ્રોપિંગ અંગેની મળેલી બાતમીના આધારે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં દોરડા અને હૂક સાથે જોડાયેલી એક થેલી મળી આવી હતી, જેની અંદર હેરોઈનના નાના પેકેટ હતા.

પોલીસે આ રિકવરીને ડ્રગ સ્મગલિંગ વિરોધી મોરચે એક મોટી સિદ્ધિ ગણાવી છે અને જણાવ્યું છે કે, આ વિસ્તાર આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર થોડા કિલોમીટર દૂર છે.

પોલીસે જણાવ્યું હતું કે, જપ્ત કરાયેલા પેકેટમાં આશરે 2 કિલો હેરોઈન છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત 12 કરોડ રૂપિયા છે.

બિશનાહ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને આ નેટવર્ક ક્યાંથી શરૂ થયું અને ક્યાં સુધી ફેલાયેલું છે તેની તપાસ ચાલી રહી છે.

# હિમાચલના લાહૌલ અને સ્પીતિના ઊંચાણવાળા વિસ્તારોમાં તાજી હિમવર્ષા

**શિમલા હવામાન કેન્દ્રએ શુક્રવાર અને શનિવાર માટે મંડી અને સોલન જિલ્લામાં 'યલો એલર્ટ' જાહેર કર્યું**



શિમલા, તા. 12 (PTI): હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પીતિ જિલ્લાના ઊંચાણવાળા વિસ્તારોમાં ગુરુવારે તાજી હિમવર્ષા થઈ હતી, જ્યારે નીચાણવાળા પહાડોમાં ત્રૂટક-ત્રૂટક વર્ષા જોવા મળી હતી.

જિસ્પા, દારચા અને શિંકુલામાં હિમવર્ષા નોંધાઈ હતી, જેમાં હંસામાં 2.5 સેમી બરફ પડ્યો હતો. હિમવર્ષાના વીડિયો પણ ઈન્ટરનેટ પર વ્યાપકપણે વાયરલ થયા છે.

દરમિયાન, શિમલા હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, ભરમોરમાં 12 મીમી વરસાદ નોંધાયો હતો, ત્યાર બાદ ગોંદલા (6.2 મીમી), કેલોંગ (4 મીમી), ભુંતર અને ધર્મશાલા (દરેકમાં 2 મીમી), કુકુમસેરી અને કાંગડા (દરેકમાં 1.3 મીમી), જોત (1 મીમી) અને કલ્પામાં (0.4 મીમી) વરસાદ નોંધાયો હતો.

માર્ચ મહિનામાં થયેલા વરસાદ અને હિમવર્ષાએ સ્થાનિક રહેવાસીઓ, ખાસ કરીને મનાલી અને લાહૌલ-સ્પીતિના પ્રવાસન ક્ષેત્રના હિતધારકોના ચહેરા પર સ્મિત લાવી દીધું છે. કારણ કે, તેઓ પહાડોમાં પ્રવાસીઓના ધસારાની અપેક્ષા રાખી રહ્યા છે.

ઊંચા વિસ્તારોમાં હિમવર્ષાને કારણે ખીણમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે, જે મનાલી અને તેની આસપાસના વિસ્તારો તેમજ લાહૌલ અને સ્પીતિમાં હવામાનમાં મોટો ફેરફાર સૂચવે છે. સ્થાનિકો અજય, સંજય અને લુધર ઠાકુરે નોંધ્યું હતું કે, ''પહાડોમાં ઠંડી પાછી આવી છે, જ્યારે મેદાની વિસ્તારોમાં કાળઝાળ ગરમી પડી રહી છે. આ હવામાન પ્રવાસીઓને આકર્ષશે.''

તેનાથી વિપરીત, મેદાની વિસ્તારોમાં શુષ્ક હવામાન પ્રવર્તતું હતું, જેમાં સુંદરનગર અને સોલનમાં ગંભીર હીટવેવના અહેવાલ હતા અને કાંગડા તથા જોતમાં ગાજવીજ સાથે વીજળીના ચમકારા સાથે વાવાઝોડું જોવા મળ્યું હતું.